જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૭/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીએ કોર્ટમાં હાજર થવાનું ફરમાન : સમાચાર યાદી નં.૧૨૬૧/૨૦૨૧

નારણપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૮/૨૦૧૪ ઇપીકો કલમ ૩૫૪(એ) તથા પોક્સો એક્ટ કલમ ૧૧ મુજબ જેનો સ્પેશીયલ પોક્સો કેસ નંબર ૧૦૨/૨૦૧૫ ના કામે આરોપી નામે હરિકૃષ્ણ જયંતભાઇ પટેલ (રહે.૩૦, જુહુ પાર્ક સોસાયટી, વિભાગ-૨, ભાવસાર હોસ્ટેલ રોડ, નવા વાડજ, અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એચ.એ.ત્રીવેદી સાહેબ, સ્પેશીયલ જજ(પોક્સો એક્ટ), કોર્ટ નંબર.૨૩, સીટી સિવીલ એન્ડ સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૭/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગે હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૬૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૨	૦	૧૧૬૩૨	૧૭૭૪૩	૦	૧૭૭૪૩

૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૯	૧	૧૦૦	૩૪૭	૫	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૩૯૦૨	૧૪૪	૬૪૦૪૬	૬૪૪૯૬	૧૪૯	૬૪૬૪૫
કુલ		૮૦૩૬૨	૧૪૫	૮૦૫૦૭	૮૮૮૫૦	૧૫૪	૮૯૦૦૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫	૨,૭૭,૯૦૦/-

પત્રક-3			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૪3	૧૪,૪3,૦૦૦/-

બળાત્કારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશન :

પંદર વર્ષની કિશોરી ઉપર ગેંગરેપ કરનાર આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી લઈ અટકાયત કરતી ચાંદખેડા પોલીસ

માનનિય પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓ તથા સંયુક્ત પોલીસ કમિશનર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં સગીર બાળાઓ ઉપર થતા બળાત્કાર જેવા અત્યાચારો અટકાવવા તેમજ આવા ગંભીર ગુનાઓ આચરતાં આરોપીઓને શોધી કાઢી પકડવા સુચનાઓ કરેલ હોય જે આધારે અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૧૧૦૮૫/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(ડી), ૩૭૬(ડી)(એ), ૧૧૪ તથા પોક્સો એક્ટ કલમ ૪, ૫(જી), ૬, ૧૧(vi), ૧૨, ૧૬, ૧૭ મુજબના ગુનાના કામે ફરીયાદી ધરમશીભાઇ માંડણભાઇ રબારી ઉં.વ.૫૩ રહે-મ.નં.૭, વિઠ્ઠલનગર હસ્તીનાપુર સોસાયટીની સામે, જગતપુર રોડ, ચાંદખેડા, અમદાવાદ શહેર મુળ ગામ-વીડજ તા-કડી જીલ્લો-મહેસાણા નાઓની ફરીયાદના કામના આરોપીઓ શૈલેષ ઉર્ફે કાનો ભરવાડ રહે-સોલા અમદાવાદ તથા વિજય ભરવાડ કે જેનુ પુરૂ નામ ખબર નથી તે રહે-જગતપુર ગામ અમદાવાદ શહેર નાઓએ ફરીયાદીની સગીરવયની દિકરી ઉ.વ.૧૫ વર્ષ ૦૭ માસ ૦૬ દિવસ નાનીને લલચાવી ફોસલાવી તા.૧૦/૦૭/૨૦૨૧ ના કલાક ૧૫/૦૦ વાગેના અરસામાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી એક સફેદ સ્વીફ્ટ ગાડીમાં બેસાડી અડાલજ મહારાજા હોટલમાં લઈ જઈ આરોપી શૈલેષ ઉર્ફે કાનો ભરવાડ રહે-સોલા અમદાવાદ તથા આરોપી વિજય ભરવાડ કે જેનુ પુરૂ નામ ખબર નથી નાઓએ વારાફરથી ભોગબનનારની મરજી વિરુધ્ધ જબરજસ્તીથી શરીર સંભોગ કરી સામુહીક બળાત્કાર કરી તથા આરોપી વિજય ભરવાડ રહે-જગતપુર ગામ અમદાવાદ નાએ તેમ કરવામાં બન્ને આરોપીઓને મદદગારી કરી ગુનો કરી તમામ આરોપીઓ નાસી ગયેલ હોય ઉપરોક્ત ફરીયાદીની ફરીયાદ લઈ ઉપરોક્ત ગુનો તારીખ-૧૨/૦૭/૨૦૨૧ ના કલાક ૦૦/૦૫ વાગે દાખલ કરવામાં આવેલ અને ભોગબનનારને તાત્કાલીક મેડીકલ સારવાર અર્થે સિવિલ હોસ્પીટલ ખાતે મહીલા પોલીસ દ્વારા મોકલી આપેલ અને જે આરોપીઓને શોધી કાઢવા સારૂ મહારાજા હોટલના સીસીટીવી ચકાસતાં આરોપીએ ગુનામાં વાપરેલ ફોરવ્હીલ સ્વીફ્ટ ગાડીનો નંબર GJ.01.HZ.9221 નો મળી આવેલ જેથી અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. જી.વી.ચૌધરી નાઓને સુચના કરી અલગ અલગ ટીમો બનાવી બનાવવાળી જગ્યાના તેમજ આજુબાજુના સી.સી.ટી.વી. ફુટેજ તેમજ આરોપીઓના મોબાઇલના લોકેશન મેળવી તપાસ તજવીજ શરૂ કરેલ તેમજ આરોપીઓના રહેણાંક મકાને તપાસ કરતાં મળી આવેલ નહીં દરમ્યાન આજરોજ તા.૧૩/૦૭/૨૦૨૧ ના રોજ પો.ઇન્સ. શ્રી કે.વી.પટેલ નાઓને બાતમી હકીકત મળેલ કે સંડોવાયેલ ત્રણેય આરોપીઓ ઉપરોક્ત સ્વીફ્ટ ગાડી નં. GJ.01.HZ.9221 ની લઈ ત્રાગડ

ટોલટેક્ષ પાસેથી પસાર થવાના છે. જેથી અમોએ તુરંત જ સ્ટાફના માણસોને ઉપરોક્ત હકીકતથી વાકેફ કરી ત્રાગડ ટોલટેક્ષ ઉપર જઈ ઉપરોક્ત આરોપીઓ મળી આવેથી લઈ આવવા સુચના કરતાં સ્ટાફના માણસો ત્રાગડ ટોલટેક્ષ ખાતે જઈ છુટા છવાયા વોચમાં હાજર રહી ઉપરોક્ત સ્વીફ્ટ ગાડી નં.GJ.01.HZ.9221 ની આવતી જણાતાં સતર્કતાથી સદરી ગાડીને કોર્ડન કરી રોકી લઇ ગાડીની અંદર બેસેલ ઈસમોના નામઠામ પુછતાં પોતે પોતાનુ નામ (૧) શૈલેષ ઉર્ફે કાનો સ/ઓ શાર્દુલભાઈ ખેતાભાઈ ભરવાડ ઉ.વ.૧૯ રહે-લક્ષ્મણગઢનો ટેકરો ઘાટલોડીયા અમદાવાદ શહેર મુળગામ-શીયાળ તા-બાવળા જી-અમદાવાદ (૨) વિજય સ/ઓ ગોવિંદભાઈ પુંજાભાઈ શિયાળ(ભરવાડ) ઉ.વ.૧૯ રહે-ખેતરમાં વોડાફોન ઓફીસની બાજુમાં મકરબા અમદાવાદ મુળ ગામ-ચુડા જોરાવરપરા તા-ચુડા જી-સુરેન્દ્રનગર (૩) વિજય સ/ઓ ભીમાભાઈ અમરાભાઈ ભરવાડ ઉ.વ.૨૩ રહે, રેલ્વે ક્રોસિંગની બાજુમાં,જગતપુર ગામ, અમદાવાદ શહેર નાનુ હોવાનુ જણાવેલ જેઓએ ગુનો કરેલ હોવાનુ કબુલ કરેલ જે ફોર વ્હીલ ગાડી આરોપી નં.૧ ના પિતાના નામે છે તેમજ ભોગ બનનાર આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓ સાથે છેલ્લા ચાર દિવસથી વાતચીત કરતી હોવાનુ જણાવેલ જેથી બંન્ને આરોપીઓ ભોગ બનનારને લલચાવી, ફોસલાવી તેઓની ઉપરોક્ત ગાડીમાં બેસાડી અડાલજ ખાતે મહારાજા હોટલમાં લઈ જઈ વારાફરથી ભોગબનનાર સાથે ભોગ બનનારની મરજી વિરુધ્ધ જબરજસ્તીથી શરીર સંભોગ કરી સામુહીક બળાત્કાર કરેલ તેમજ આરોપી નં.૩ નાએ બંન્ને આરોપીઓની તેમ કરવામાં મદદગારી કરેલ છે હાલમાં આરોપીઓના કોરોના ટેસ્ટ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે આમ ગેન્ગરેપના આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી લઈ પ્રશસંનીય કામગીરી કરેલ છે. તા.૧૩/૦૭/૨૦૨૧.

કામગીરી કરનાર

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર કે.વી.પટેલ (૨) પો.સબ.ઇન્સ. જી.વી.ચૌધરી (૩) હેડ કોન્સ. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩ (૪) હે.કો.સંજયસિંહ દશરથસિંહ બ.નં.૫૦૧૨ (૫) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮ (૬) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭ (૭) લોકરક્ષક મહિપાલસિંહ નરેન્દ્રસિંહ બ.નં.૧૩૧૨૨



પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી સીલબંધ બોટલ નંગ-૧૮૩ કિ.રૂ.૨૬,૦૧૦/- તેમજ મોબાઈલફોન મળી કુલ્લે કિ.રૂ.૩૦,૦૧૦/- ની મત્તાના વિદેશીદારૂના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથાઅધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે"ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ આપેલ હોય તેમજ ડ્રાઈવનુ આયોજન કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રોહી બુટલેગર તથા ચોરી છુપીથી પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર અવાર નવાર વોચ રાખી રેઈડ કરી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા સારૂસર્વેલન્સ સ્કોડના માણસોને સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા અ.પો.કો. ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા અ૰પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો.વિજયસિંહ લાખુભાનાઓને બાતમી હકિકત મળેલ કે " નારોલ લક્ષ્મીનિવાસ સોસાયટી મ.નં.સી/૧૨૦૬ માં રહેતો દિનેશભાઈ પ્રહલાદભાઈ મોદી નામનો ઈસમ પોતાના ઘરમાં કેટલોક ભારતીય બનાવટના વિદેશીદારૂના જથ્થો સંતાડી મુકી રાખી ચોરીછુપીથી વેચાણ કરે છે. અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે. " જે આધારે પંચો રૂબરૂ રેઈડ કરતા આરોપી દિનેશભાઈ પ્રહલાદભાઈ જાતે મોદી ઉ.વ.૩૬ ધંધો.નોકરી રહે.મ.નં.સી/૧૨૦૬ લક્ષ્મીનિવાસ સોસાયટી આકૃતિ ટાઉનશીપની સામે નારોલ અમદાવાદ શહેરનો મળી આવતા તેના મકાનમાં રેઈડ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી સિલબંધ બોટલ નંગ.૧૮૩ કિ.રૂ.૨૬૦૧૦/- તથા મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ.૪૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩૦૦૧૦/- ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થોમળી આવતાં આરોપી તથા તપાસમાં મળી આવે તે તમામ આરોપીઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટે-સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૧૯૧/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ)૬૬(બી) ૧૧૬(બી), મુજબનો ગુનો નોંધી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૬૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૫૧ લીટર દેશી દારૂ, ૧૮૩ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૬ ક્વોટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૬૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૨૬૫/૨૦૨૧**

સરખેજ : વિનુભાઈ બેચરભાઈ પટેલ (ઉ.વ.૫૨)(રહે.સિગ્નેચર રેસીડેંન્સી હેબતપુર રોડ થલતેજ) એ તા.૧૩/૦૭/૨૦૨૧ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓગષ્ટ/૨૦૧૯ મહિનામા એસ.જી.હાઈવે, સફલ સોલીટોર બીલ્ડીંગ કોર્પોરેટ પાર્ક ઓફિસ નંબર-બી/૮૦૩ "ઝીલ ટ્રેડ લીંકસ પ્રા.લી" નામની ઓફીસ ખાતે આરોપી અશોક પ્રેમચંદ જયસ્વાલ (ઓફિસ:-અશોક ટ્રેડર્સ જાનકી કોમ્પલેક્ષ મેઇન રોડ એસ.ટી.બસ સ્ટેન્ડની સામે, ખાલવા જીલ્લો-ખાડવા, મધ્યપ્રદેશ) એ વિનુભાઇને વિશ્વાસમા લઈ, તેમની કંપનીની ખેતીની દવાઓ ખરીદ કરી તેની ચુકવણી પેટે ના કુલ રૂપિયા ૩,૪૩,૦૫,૮૦૬/- નું પેમેન્ટ નહી કરી, વિનુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

નરોડા : હિમાંશુભાઇ જશુભાઇ પંચોલી (ઉ.વ.૩૧)(રહે.વિઠ્ઠલવેલો, સીટી વિઠ્ઠલ પ્લાઝાની પાછળ, નરોડા) એ તા.૧૩/૦૭/૨૦૨૧ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે તથા અમદાવાદ ધી કાંટા ખાતે આરોપી (૧) રમેશભાઇ મગનભાઇ ગઢીયા (૨) મહેશ ઉર્ફે કનૈયાલાલ વિજયભાઇ પટેલ (૩)લલીતા વા/ઓ મહેશ ઉર્ફે કનૈયાલાલ પટેલ અને (૪) કાજલ વિજયભાઇ પટેલ (જે તમામના સાચા નામ-સરનામાની ખબર નથી તે) નાઓએ ભેગામળી કાજલ સાથે હિમાંશુભાઇના લગ્ન કરાવી તે પેટે રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મેળવી લઇ તેમજ હિમાંશુભાઇએ કાજલને ભેટમાં આપેલ સોનાનુ મંગળસુત્ર લઇ તા.૨૯/૩/૨૦૨૧ નારોજ બહાનુ કરી કાજલ નાસી જઇ હિમાંશુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૨૬૬/૨૦૨૧**

દરીયાપુર : ઉમેશભાઈ પ્રવિણભાઈ સોની ((રહે.પંચભાઈની પોળ, શાહપુર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી તા.૧૩/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન કાલુપુર ટાવર પાસે દુકાન નંબર-૧૮૪૦ "સોની પ્રવિણચન્દ્ર કાંતીલાલ જ્વેલર્સ" નામની પોતાની દુકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કબાટમાંથી બગસરાના અલગ-અલગ દાગીના કિંમત રૂપિયા ૩૮,૦૪૨/- મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.રઇસ ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૨૬૭/૨૦૨૧**

ચાંદખેડા : રાજુભાઇ ગોવિદભાઇ રાવળ (ઉ.વ.૬૦)(રહે.લીલાભાઇની ચાલી, શુભલક્ષ્મી સોસોયટી વિભાગ-૨ ની પાછળ, ચાંદખેડા) નાઓને છેલ્લા દોઢ વર્ષથી લકવાની અસર હોઇ ધીરે-ધીરે ચાલતા હોઇ તા.૧૨/૦૭/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ઊમા ભવાની ફાટક પાસે પોલ નં.૭૭૪/૨૨ થી ૭૭૪/૨૦ ની વચ્ચે ટ્રેઇનની અડફેટ આવી જતા માથામાં અને શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મુત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનરાવ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૬૮/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટ : જહિરૂહદન સદરૂહદન સૈયદ (ઉ.વ.૩૨)(રહે.ટોગોરહોલની પાછળ, કાગદીવાડ, એલીસબ્રિજ) એ ડિપ્રેશનના કારણે તા.૧૩/૦૭/૨૧ બપોરના ૧/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ કિનારે એન.આઈ.ડી.ની પાછળ, રિવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૪૮ પાસે નદીમાં ઝંપલાવી ડુબી જતા સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલ ખાતે લઇ જતા બપોરના ૨/૩૦ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે **રીવરફ્રન્ટ વેસ્ટ** પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

રીવરફ્રન્ટ ઇસ્ટ : આશિષભાઇ ચતુરભાઇ પરમાર (ઉ.વ.૨૮)(રહે.શેઠ કોઠાવાળા વોરાની ચાલી, કામદાર રાજ્ય વીમા યોજના ડી-૩૦ દવાખાના પાસે, રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે રીવરફ્ન્ટ ગાર્ડન ગેટ નંબર.૩ ની પાછળ રીવરફ્ન્ટ વોક-વે ઘાટ નંબર-૫ પાસે સીડી નં.૧૧ નજીક સાબરમતી નદીના પાણીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેન્દ્રસિંહ પદમસિંહ ચલાવે છે.

સાબરમતી : શીતલબહેન તે આનંદકુમાર છાજડ ની વિધવા પત્ની (ઉ.વ.૩૮)(રહે.પવનસુત કો.ઓ.સોસા., ઉમાભવાની સોસા.ની બાજુમા, ત્રાગડરોડ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિશોરસિંહ ભેરૂસિંહ ચલાવે છે.

વેજલપુર : રોનકભાઇ મોહનભાઈ જોષી (ઉ.વ.૨૨)(રહે.અલંકાર ફલેટ, ટોરેન્ટ પાવર પાછળ, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૧ સાંજના ૫/૩૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લાવતા તા.૧૨/૦૭/૨૦૨૧ રાતના ૮/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શૈલેષકુમાર ધીરુભાઇ ચલાવે છે.

નિકોલ : સ્વાતિબહેન વા/ઓ ચિંતનભાઇ દવે (ઉ.વ.૩૧)(રહે. ગોકુલ ડુપ્લેક્ષ શેલ્બી હોસ્પિટલની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૧ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

ઓઢવ : અર્જુન કેશુભાઇ વણઝારા (ઉ.વ.૨૧)(રહે.ગીરીરાજનગર પુષ્પક રેસીડેન્સી સામે, આદીનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૧ ના કલાક ૬/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખાના હુક સાથે નાઇલોન દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનીલભાઇ ભગવાનભાઇ ચલાવે છે.

મણીનગર : હરીચંદ્રસિંહ પ્રતાપસિંહ ચુડાસમા (ઉ.વ.૧૩)(રહે.ક્રિષ્ના એપાર્ટમેંન્ટ કુમકુમ સોસાયટી પાસે, ઉત્તમનગર મણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ જતા રાતના ૯/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

વટવા : સલમાબાનું વા/ઓ મોહમદયુનુસ શેખ (ઉ.વ.૩૩)(રહે. દરબાર નગર નવાપુરા વટવા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૧ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

નારોલ : ભુમીબહેન વા/ઓ નિતેશકુમાર લબાના (ઉ.વ.૩૦)(રહે.શ્રીરામ ટેનામેન્ટ, મધ્યમવર્ગ સોસાયટીની સામે, શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી